eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 200
October 09, 2008

## ઈન્ટરનેશનલ ડે ઓફ ઓલ્ડર પર્સન

તા. ૧ લી ઓકટોબર ૨૦૦૯ "ઈન્ટરનેશનલ ડે ઓફ ઓલ્ડર પર્સન" (યમફ.) ની ઉજવણી સંદર્ભે સુમન હાઈસ્કૂલોનાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ધ્વારા શહેર વિસ્તારમાં આવેલ જુદા જુદા "ઘરડા ઘર" ની મુલાકાત લેવામાં આવેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૦૩–૧૦–૨૦૦૯ નાં રોજ શહેર વિકાસ ખાતા/ દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની વિગત નીચે મુજબ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શંકાસ્પદ ઈન્ફલ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના દર્દીઓ સારવાર માટે માર્ગદર્શિકા

એપીડેમીક ડીસીઝ એકટ–૧૮૯૭ મુજબ ખાનગી તબીબોને ત્યાં શંકાસ્પદ ઈન્ફલ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના દર્દીઓ સારવાર માટે આવે ત્યારે નીચે મુજબની સુચનાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ આકારણી ઝુંબેશ

સુરત મહાનગરપાલિકા ધ્વારા એરીયા બેઈઝ આકારણીની પધ્ધતિ અપનાવવામાં આવતા શહેરમાં આવેલ તમામ મિલ્કતોનો સર્વે કરી મિલ્કતદાર ધ્વારા ઉપયોગમાં લેવાતા એરીયાના આધારે આકારણી દફતરે નોંધ કરી પ્રોપર્ટી ટેક્ષ આકારણી કર વસુલાત તા. ૧/૦૪/૨૦૦૮ થી કરવામાં આવી હતી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા–નગર સમુદાય વિકાસ યોજનાતા. ૫–૧૦–૦૯ ના રોજ "વર્લ્ડ હબીટેટ ડે" નિમિત્તે યોજાયેલ કાર્યક્રમની પ્રેસનોટ



"વર્લ્ડ હેબીટેટ ડે" નીમીત્તે મ્યુ.કમિશનરશ્રી એસ.અર્પણાના માર્ગદર્શન હેઠળ તા. ૫–૧૦–૦૯ ના રોજ એક વિશેષ કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા તથા શહેરની સ્વૈચ્છિક સંસ્થા જાગૃત નાગરિક મંચ તેમજ કાનજીભાઈ દેસાઈ શિક્ષણ સમાજ ભવન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ઈ.ડબલ્યુ.એસ.આવાસ, ભાણકી સ્ટેડીયમ,રાંદેર,સુરત ખાતે રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## તા.૦૫–૧૦–૨૦૦૯નાં રોજ "વર્લ્ડ હેબીટેડ ડે" નિમિત્તે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ કતારગામ ઝોન ખાતે "વર્લ્ડ હેબીટેડ ડે" નિમિત્તે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## તા.૦૭–૧૦–૨૦૦૯નાં રોજ અઠવા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ



સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ અઠવા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ઈન્ટરનેશનલ ડે ઓડ ઓલ્ડર પર્સન

તા. ૧ લી ઓકટોબર ૨૦૦૯ "ઈન્ટરનેશનલ ડે ઓફ ઓલ્ડર પર્સન" (**IDOP**) ની ઉજવણી સંદર્ભે સુમન હાઈસ્કૂલોનાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ ધ્વારા શહેર વિસ્તારમાં આવેલ જુદા જુદા "ઘરડા ઘર" ની મુલાકાત લેવામાં આવેલ. આ મુલાકાત દરમ્યાન શિક્ષકો/ વિદ્યાર્થીઓ ધ્વારા ભજન કીર્તન, પ્રાર્થના, અભિયાન ગીત વિ. રજુ કરવામાં આવેલ. ઘરડાં ઘરના સીનીયર સીટીજનો ધ્વારા તેઓના જીવન વિશે માહિતી આપવામાં આવેલ, જે સાંભળી ખૂબ જ દુઃખદાયક લાગતા તમામની આંખો ભીની થઈ હતી. વૃધ્ધોને મળીને એમની સાથે સામુહિક વાર્તાલાપ કરતા કેટલાંક સીનીયર સીટીજનોએ પોતાની આપવીતી જણાવતા પોતાનાથી જુદા થવાનું દુઃખ તેઓનાં ચહેરાનાં હાવભાવ જોતાં છૂપું રહી શકયું ન હતું." તમારા માતા પિતાને કુટુંબથી દૂર થઈ વૃધ્ધાશ્રમ માં જવું પડે તેવું વર્તન નહીં કરો" તેમ વિદ્યાર્થીઓને જણાવ્યું હતું અંતે પરત ફરતાં આ વૃધ્ધોએ લાગણી ભર્યા સ્વરે " ફરી મળવા આવશો" તો ઘણું સારું લાગશે તેવા શબ્દોથી તેમના હદયના કોઈક ખૂણામાં સંગ્રાહેલી સ્વજનની યાદ અશ્રુબની વહી જતી હતી જે દર્શાવે છે કે, આજની યુવાપેઢી કેટલોય ધિકકાર વરસાવે તો પણ આ વૃધ્ધોના હૈયામાં તેઓ માટે અનેક ગણો પ્રેમ રહેલો છે. અંતે મનુષ્ય જીવનની સંધ્યા ટાણે "ફૂલોની પાંખડી" સ્વરૂપે આ વૃધ્ધોને શાળા તરફથી ઈચ્છિત સહાય રૂપે ફૂડ, નાસ્તો , રોકડ વિ. ભેટ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. સુમન શાળા પરિવાર માટે વૃધ્ધાશ્રમની મુલાકાતનો આ પ્રસંગ ખૂબ જ પ્રેરણાદાયક રહયો હતો. જેમાં ખાસ કરીને શાળાનાં તમામ વિદ્યાર્થીઓ માટે તો આ પ્રસંગ ખૂબ જ લાગણીસભર રહયો હતો.

**TOP**

## નોર્થઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા. ૦૩–૧૦–૨૦૦૯ નાં રોજ શહેર વિકાસ ખાતા/ દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં આવેલ નવી જી.આઈ.ડી.સી., પ્લોટ નં. ૯૬૭ વાળી મિલકતમા મિલકતદારે સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ગ્રાઉન્ડ ફ્લોર પર ઈંટના ચણતરની દિવાલ તથા આર.સી.સી. કોલમ લઈ છતનાં ભાગે પતરાં નાંખી આશરે ૧૦૦૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ કરેલ. જે અત્રેથી રૂા. ૫૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લઈ દુર કરવામાં આવેલ છે.

TOP

# શંકાસ્પદ ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના દર્દીઓ સારવાર માટે માર્ગદર્શિકા

એપીડેમીક ડીસીઝ એક્ટ–૧૮૯૭ મુજબ ખાનગી તબીબોને ત્યાં શંકાસ્પદ ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના દર્દીઓ સારવાર માટે આવે ત્યારે નીચે મુજબની સુચનાઓનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) | ખાનગી તબીબોને ત્યાં શંકાસ્પદ ઈન્ફ્લ્યુએન્ઝા–એ (એચ૧એન૧) ના દર્દીઓ પૈકી કેટેગરી–'બી' ના દર્દીઓને તબ્ક્કે **Oseltamivir** વડે સારવાર કરવાની રહેશે. આવા દર્દીઓને જરૂર જણાયે લેબોરેટરી નિદાન માટે સરકાર માન્ય હોસ્પીટલોમાં મોકલવા. |
| (૨) | ખાનગી તબીબોને ત્યાં દાખલ થતા કેટેગરી–'સી' ના તમામ દર્દીઓનું લેબોરેટરી નિદાન કરાવવાનું રહેશે તેમજ સરકાર સાથે **MOU** (કરારનામુ) ના થયેલ હોય તેવા ખાનગી દવાખાના/હોસ્પીટલો પણ માન્ય એન્ટીવાયરલ દવાઓ વડે સારવાર કરી શકશે. |
| (૩) | વેન્ટીલેટરની સુવિધા ન હોય અને દર્દીને વેન્ટીલેટરની ઘનિષ્ઠ સારવારની જરૂરિયાત હોય તેવા સંજોગોમાં સંપૂર્ણ વિગતો સાથે આ પ્રકારની સુવિધા ધરાવતી હોસ્પીટલોમાં મોકલવાના રહશે. |
| (૪) | વેનટીલેટર વડે ઘનિષ્ઠ સારવાર ચાલુ હોય તેવા દર્દીઓને અંતિમ તબકકામાં સરકારી હોસ્પીટલોમાં રીફર કરવાની ગુનાહિત બેદરકારી કરવી નહીં. |
| (૫) | ભારત સરકારશ્રીની માગસદર્શક સુચનાઓ મુજબ ઈન્ફેકશન કન્ટ્રોલ અને બાયોમેડીકલ વેસ્ટ ડીસ્પોઝલના નિયમોનું ચુસ્ત પાલન કરવું. |
| (૬) | તમામ ખાનગી દવાખાના / હોસ્પીટલોમાં બહારના અથવા અંદરના દર્દી તબીકે સારવાર હેઠળના તમામ શંકાસ્પદ અને લેબોરેટરી કન્ફર્મ દર્દીઓની કોન્ટેકટ નંબર સહિતની સંપુર્ણ માહિતી સુરત મહાનગરપાલિકાના મોબાઈલ નંબર ૯૭૨૪૩–૪૪૯૮૯ અથવા ઈ.મેઈલ એડ્રેસ : **h1n1smc@gmail.com** પર તાકીદે મોકલવાની રહેશે. |

**TOP**

## સુરત મહાનગરપાલિકા ધ્વારા હાથ ધરવામાં આવેલ આકારણી ઝુંબેશ

સુરત મહાનગરપાલિકા ધ્વારા એરીયા બેઈઝ આકારણીની પધ્ધતિ અપનાવવામાં આવતા શહેરમાં આવેલ તમામ મિલ્કતોનો સર્વે કરી મિલ્કતદાર ધ્વારા ઉપયોગમાં લેવાતા એરીયાના આધારે આકારણી દફતરે નોંધ કરી પ્રોપર્ટી ટેક્ષ આકારણી કર વસુલાત તા. ૧/૦૪/૨૦૦૮ થી કરવામાં આવી હતી.

આ સંદર્ભે કેટલીક મિલ્કતોની આકારણીના દફતરે દાખલ કરવાની રહેવા પામી હોય તેવી અકસ્યામતો ધ્યાને રાખી મ્યુ. કમિશનરશ્રીની સૂચના તથા માર્ગદર્શન હેઠળ વિજીલન્સ અને ઈન્સ્પેકશન ખાતા ધ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યવાહી અંતર્ગત વેસ્ટ ઝોન–૦૩, કતારગામ ઝોન–૦૭, અઠવા ઝોન–૧૪ અને વરાછા ઝોન –૦૩ મળી કુલ–૨૭ મિલ્કતો જે આકારણી ના દફતરે દાખલ કરવાની રહી ગયાનું જણાતા તે દાખલ કરી રૂા. ૫૦,૩૯,૦૬૪/–ના ટેક્ષની આકારણી કરવામાં આવેલ.

વિજીલન્સ ખાતા ધ્વારા હાથ ધરવામાં આવેલ કાર્યવાહીના પગલે ઝોન કક્ષાએથી પણ ચકાસણીની કામગીરી ચાલુ કરવામાં આવતાં રાંદેર ઝોન–૦૨, કતારગામ ઝોન–૧૫, અઠવા ઝોન–૦૨, લંબાયત ઝોન–૦૮, ઉધના ઝોન–૦૨ તથા વરાછા ઝોન–૦૨ મળી કુલ–૩૧ મિલ્કતો શોધી તેની આકારણી દફતરે દાખલ કરવામાં આવતાં કુલ રૂા. ૯૯, ૨૩,૫૫૪/– નો ટેક્ષ વધવા પામેલ છે.

....આમ વિજીલન્સ અને ઈન્સ્પેકશન ખાતા ધ્વારા ૨૭ તથા ઝોન કક્ષાએ ૩૧ મળી કુલ–૫૮ મિલ્કતો દાખલ કરી કુલ રૂા. ૧,૪૯,૬૨,૬૧૮–૦૦ પ્રોપર્ટી ટેક્ષની રકમ વધારવામાં આવી.

TOP

## સુરત મહાનગરપાલિકા–નગર સમુદાય વિકાસ યોજનાતા. ૫–૧૦–૦૯ ના રોજ "વર્લ્ડ હબીટેટ ડે" નિમિત્તે યોજાયેલ કાર્યક્રમની પ્રેસનોટ




"વર્લ્ડ હેબીટેટ ડે" નીમીત્તે મ્યુ.કમિશ્નરશ્રી એસ.અર્પણાના માર્ગદર્શન હેઠળ તા. ૫–૧૦–૦૯ ના રોજ એક વિશેષ કાર્યક્રમ સુરત મહાનગરપાલિકા તથા શહેરની સ્વૈચ્છિક સંસ્થા જાગૃત નાગરિક મંચ તેમજ કાનજીભાઈ દેસાઈ શિક્ષણ સમાજ ભવન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ઈ.ડબલ્યુ.એસ.આવાસ, ભાણકી સ્ટેડીયમ,રાંદેર,સુરત ખાતે રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં પ્રમુખ સ્થાનેથી શાસક પક્ષના નેતા શ્રી ભીમજીભાઈ પટેલ દિપ પ્રાગટય કરી વકતવ્ય આપતા જણાવ્યું હતું કે, "સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી ગરીબો માટે સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો અમલ કરવામાં આવે છે. તેના ભાગરૂપે શહેરી ગરીબોને ફાળવેલ આવાસોમાં તેઓને રહેતા જોઈ આનંદની લાગણી અનુભવું છું, આ આવાસમાં રહેતા તમામ વ્યકિતઓ આવાસોની માવજત, સ્વચ્છતા રાખવાની નૈતિક જવાબદારી સમજી સુયોગ્ય વાતાવરણમાં જીવન ગુજારશે એવો મને વિશ્વાસ છે."




વિરોધ પક્ષના નેતા શ્રી બાબુભાઈ કાપડીયાએ શહેરના તમામ શહેરી ગરીબો માટેની કોઈપણ યોજના માટે મહાનગરપાલિકાને હકારાત્મક અભિગમ સાથે સહકાર આપવાની ખાતરી આપી હતી. તમામ મહાનુભાવોને આવકારતા ડેપ્યુટી કમિશ્નરશ્રી (જન.) શ્રી મહેશસિંઘે જણણાવ્યું હતું કે, "સરકારશ્રી–મહાનગરપાલિકા ધ્વારા ફાળવવામાં આવેલ મકાનોથી સ્થળાંતરીત તમામ લોકોનું જીવન ધોરણ ઉચુ આવે તે પ્રમાણેની દિશામાં વિકાસનું આગવું કદમ ગણી શકાય, તે માટે સુરત મહાનગરપાલિકા કટીબધ્ધ છે.

કાનજીભાઈ દેસાઈ સમાજ શિક્ષણ ભવન ટ્રસ્ટના પ્રમુખશ્રી રજનીકાંતભાઈ શેઠે સુરત મહાનગરપાલિકાના શહેરી ગરીબ પરિવારોની કલા કુશળતાને બહાર લાવી તાલીથી સ્વરોજગાર સુધીના તમામ પૂયત્નોમાં મદદરૂપ થવા તત્પરતા દર્શાવી હતી. જાગૃત નાગરિક મંચના પ્રમુખશ્રી ગીતાબેન શ્રોફ, સુધાબેન ત્રિવેદી તેમજ ઉપપ્રમુખશ્રી ડો. નિર્મલભાઈ ચોરારીયાએ જણાવ્યું હતું કે, " સ્વચ્છતા થકી આરોગ્યની જાળવણી સાથે બાળકોનું શિક્ષણ સ્તર સુધારી સમાજમાં આગળ લાવવા માટેના વિવિધ કાર્યક્રમો થકી સુયોગ્ય વાતાવરણ પુરુ પાડવા તૈયારી દર્શાવી હતી.

કાર્યક્રમમાં મ્યુ. સદસ્યશ્રી પ્રવિણભાઈ માળી, શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રીમતિ છાયાબેન પરમાર શ્રી ગીરીશભાઈ પટેલતેમજ મા. ડેપ્યુટી કમિશ્નરશ્રી (પ. અને ઈ.) શ્રી સી.જે.ગામીત, આસી. કમિશ્નરશ્રી સી.વાય ભટૃ રાંદેર ઝોનલ ચીફ શ્રી એમ.ડી.દારૂવાલા વિગેરેએ વિશેષ હાજરી આપી પ્રસંગોચિત માર્ગદર્શન પુરુ પાડયું હતું.

કાર્યક્રમમાં પ્રાર્થના બાળ માર્ગદર્શન કેન્દ્રના લાભાર્થીઓ ધ્વારા રજુ કરવામાં આવી હતી. રેશીડન્ટ વેલફેર એસોસીયેશન અંગેની માહિતી સાથે આભારવિધિ ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી આર.સી. પટેલે ફરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડેપ્યુટી પ્રોજેકટ ઓફિસર શ્રીમતિ આર.આર. પરમારે કર્યું હતું કો. ઓર્ગેનાઈઝર શ્રી વી.સી. પરમાર શ્રીમતિ પી.આર.પરમાર કાર્યક્રમને સફળ બનાવવા સહભાગી બનયા હતા.

TOP

## તા.૦૫–૧૦–૨૦૦૯નાં રોજ "વર્લ્ડ હેબીટેડ ડે" નિમિત્તે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ કતારગામ ઝોન ખાતે "વર્લ્ડ હેબીટેડ ડે" નિમિત્તે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. કોમ્યુનીટી હોલની ઉદ્‌ઘાટનવિધિ, સીંગણપોર રોડ પર કતારગામ ખાતે, ડભોલી લેક ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ, ડભોલી ગામતળ ખાતે, વોર્ડ ઓફિસ તથા વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ, ગોવિંદનગર સોસાયટીનીસામે, ડભોલી ચાર રસ્તા પાસે, કોસાડ અર્બન હેલ્થ સેન્ટરની ઉદ્‌ઘાટનવિધિ, કોસાડ ફાયર સ્ટેશનની બાજુમાં, સીનીયર સીટીઝન સેન્ટરની ઉદ્‌ઘાટનવિધિ, બસ સ્ટેન્ડની નજીક, કોસાડ ગામ, ૫૭ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ, કોસાડ રેલ્વે સ્ટેશન નજીક, રજવાડી પાર્ટી પ્લોટ તથા કોસાડ ઈડબલ્યુઆવાસ આવાસની સામે, ૩૭ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ, ઉત્રાણના પૂર્વ વિભાગના રેલ્વે સ્ટેશન પાસે વગેરે પ્રકલ્પોની ઉદ્‌ઘાટનવિધિ/ખાતમુહૂર્તવિધિ, તા.૦૫–૧૦–૨૦૦૯નાં રોજ મા. મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખસ્થાને, તથા મુખ્ય મહેમાન શ્રી નરોત્તમભાઈ પટેલ, મા. મંત્રીશ્રી પંચાયત, ગ્રામ, ગૃહનિર્માણ, ગ્રામવિકાસ, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો, મા. સાંસદ શ્રીમતિ દર્શનાબેજ જરદોષની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.

સીંગણપોર રોડ કતારગામ ખાતે **કોમ્યુનીટી હોલની ઉદ્‌ઘાટનવિધિ** શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા. ૨૨૨.૪૭ લાખ**, બાંધકામનું ક્ષેત્રફળ ૩૦૪૫૦.૮૦ ચો. ફુટ, ગ્રાઉન્ડ ફલોર પર ઓફિસ, સ્ટોર રૂમ–૦૨, જેન્ટસ અને લેડીઝ ટોયલેટ બ્લોક, રસોડુ, ફસ્ટ ફલોર પર ઓફિસ, હોલ, ડ્રેસીંગ રૂમ–૦૨, સ્ટેજનું આયોજન કરવામાં આવેલ છે.



ડભોલી ગામતળ ખાતે **ડભોલી લેક ગાર્ડનની ઉદ્‌ઘાટનવિધિ** શ્રીમતિ નયનાબેના નાયક, મા. અધ્યક્ષશ્રી, ગૃહનિર્માણ અને ઉધાન સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૭૬ લાખ ૪૫ હજાર**, જેનો વિસ્તાર ૧૮૭૦૦.૦૦ ચો. મીટર, તળાવની ફરતે ૭૩૦૦ ચો.મી., તળાવને ફરતે રેલીંગ ૩૫૦.૦૦ ર.મી., બોટીંગ પ્લેટફોર્મ ૩૦.૦૦ ચો.મીટર, કંમ્પાઉન્ડ વોલ ૮૪૨.૦૦ ર.મી., વોકવે ૧૦૪૦.૦૦ ર.મી., બુકીંગ ઓફીસ ૧૭.૯૦ ચો.મી., વોટર હટ ૧૦.૫૦ ચો. મી., મેઈન ગેઈટ ૬.૫૦ ર.મી., વિકેટ ગેઈટ ૨.૧૫ ર.મી., ગઝેબો ૫૦.૦૦ ચો.મી., ચિલ્ડ્રન પ્લે એરીયા ૨૭૫.૦૦ ચો.મી., ફાઉન્ટેઈન એરીયા ૧૮૦.૦૦ ચો.મીટરનું આયોજન કરવામાં આવેલ છે. સદર પ્રકલ્પથી જાહેર જનતાના રીક્રીએશન તથા પર્યાવારણની જાળવણીનો હેતુ સિધ્ધ થશે.





Continue …

ગોવિંદનગર ખાતે **વોર્ડ ઓફિસ તથા વાંચનાલયની ઉદ્દઘાટનવિધિ** શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્દહસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા. ૨૯.૧૭ લાખ,** બાંધકામનું ક્ષેત્રફળ ૪૯૨૨.૦૦ ચો. ફુટ, ગ્રાઉન્ડ ફ્લોર પર ઓફિસ–૦૩, સ્ટોર રૂમ–૦૨, જેન્ટસ અને લેડીઝ ટોયલેટ બ્લોક, રસોડુ, ફસ્ટ ફ્લોર પર રીડીંગ હોલ–૦૧, રીડીંગ રૂમ–૦૩, સુપરવાઈઝર કેબીન–૦૧, સ્ટોર–૧, જેન્ટસ અને લેડીઝ ટોયલેટ બ્લોકનું આયોજન કરવામાં આવેલ છે.



કોસાડ ખાતે **કોસાડ અર્બન હેલ્થ સેન્ટરની ઉદ્દઘાટનવિધિ** શ્રીમતિ રંજનબેન સરતાનપરા, મા. અધ્યક્ષશ્રી, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિના વરદ્દહસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા. ૩૩.૨૦ લાખ,** બાંધકામનું ક્ષેત્રફળ ૩૮૫.૧૩ ચો. મીટર, ગ્રાઉન્ડ ફ્લોર પર મેડીકલ ઓફીસરની ઓફિસ–૦૨, ડીસ્પેન્સરી, ડ્રેસીંગ અને ઈંજેકશન રૂમ, લેબોરેટરી, ફેમીલી પ્લાનીંગ અને ઈમ્યુનાઈઝેશન રૂમ, કેસ રૂમ, સ્ટોર રૂમ, જેન્ટસ અને લેડીઝ ટોયલેટ બ્લોક, નું આયોજન કરવામાં આવેલ છે.

કોસાડ ખાતે **સિનીયર સીટીઝન સેન્ટરની ઉદ્દઘાટનવિધિ** શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્દહસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા. ૧.૭૫ લાખ,** જેમાં સીટીંગ રૂમ,ગાર્ડન અને જેન્ટસ અને લેડીઝ ટોયલેટ બ્લોકનું આયોજન કરવામાં આવેલ છે.



કોસાડ ખાતે **૫૭ એમ. એલ.ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશન** ની ખાતમુહૂર્તવિધિ અને ઉત્રાણ ખાતે **૩૭ એમ. એલ.ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ખાતમુહૂર્તવિધિ** શ્રી પરસોત્તમભાઈ માંગુકીયા, મા. અધ્યક્ષશ્રી, ગટર સમિતિના વરદ્દહસ્તે સંપન્ન થઈ.

મા. કમિશનર શ્રી એસ. અપર્ણાએ આ પ્રસંગે સર્વે નિમંત્રીત મહાનુભાવોને શુભેચ્છા પાઠવી આવકાર્યા હતા. કતારગામ ઝોનમાં આજ રોજ કુલ ૭ પ્રકલ્પો ની રૂા. કરોડ લાખ હજારના ખર્ચે ઉદ્દઘાટનવિધિ/ખાતમુહૂર્તવિધિ ખર્ચે સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રીમતિ દર્શનાબેન જરદોષ, મા. સાંસદશ્રી, અતિથિવિશેષશ્રીઓ શ્રી કિશોરભાઈ એસ. કાનાણી (કુમાર) મા. ડે. મેયરશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ,મા. અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ,શ્રી ભીમજીભાઈ પટેલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, મા. કમિશનર શ્રી એસ. અપર્ણા, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## તા.૦૭–૧૦–૨૦૦૯નાં રોજ અઠવા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસના પ્રકલ્પો પ્રજાને અર્પણ કરવાની શૃંખલામાં આજ રોજ અઠવા ઝોન ખાતે વિવિધ પ્રકલ્પોનું આયોજન કરી લોકાર્પણ કરવામાં આવેલ છે. શાંતિવનની ઉદ્‌ઘાટનવિધિ, સરદારપાર્ક સોસાયટી પાસે, આભવા રોડ ખાતે ૫૧ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ઉદ્‌ઘાટનવિધિ, વેસુ ઓએનજીસી પાસે ૨૧ એમ. એલ. ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ઉદ્‌ઘાટનવિધિ, ઉમરા ગામ ખાતે હેલ્થ સેન્ટર અને વાંચનાલયની ઉદ્‌ઘાટનવિધિ, ઉમરા પોલીસ સ્ટેશન પાસે વોર્ડ ઓફિસની ઉદ્‌ઘાટનવિધિ, વગેરે પ્રકલ્પોની ઉદ્‌ઘાટનવિધિ તા.૦૭–૧૦–૨૦૦૯ નાં રોજ માનનીય મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલાના પ્રમુખપદે અને મુખ્ય મહેમાન મા. સાંસદ શ્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ હતી.



સરદારપાર્ક સોસાયટી પાસે **શાંતિવનની ઉદ્‌ઘાટનવિધિ** શ્રીમતિ નયનાબેન નાયક, મા. અધ્યક્ષશ્રી, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૪.૧૨ લાખ,** જેનો વિસ્તાર ૪૨૫.૦૦ ચો. મીટર, પ્લે. એરીયા ૮૦.૬૪ ચો.મી., કંમ્પાઉન્ડ વોલ ૮૫.૨૦ ર.મી. વોક વે ૫૪.૩૧ ચો.મી., ગઝેબો – ૧ નંગ, બાગબાની પાણીની લાઈન સહિત ૧૫૫.૦૦ ચો.મી., લાઈટ પોલ– ૨ પોષ્ટ. સદર પ્રકલ્પથી જાહેર જનતાના રીક્રીએશન તથા પર્યાવારણની જાળવણીનો હેતુ સિધ્ધ થશે.



સુરત મહાનગરપાલિકાના વેસુ ડ્રેનેજ સ્કીમ વેસુ ટર્મીનલ સુએઝ પંપીગ સ્ટેશનની ઝોન અંતર્ગત **૫૧ એમ. એલ.ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ઉદ્‌ઘાટનવિધિ** શ્રી પરસોત્તમભાઈ માંગુકીયા, મા. અધ્યક્ષશ્રી, ગટર સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. સને ૨૦૩૧ સુધીમાં અંદાજે ૪.૪૦ લાખની વસ્તીને ૮૨૫.૪૧ હેકટર જેટલા વિસ્તારને આવરી લેવામાં આવશે. અંદાજીત ખર્ચ **રૂા.૧૨૩૭ લાખ.** પંપીગ સ્ટેશનનો વ્યાસ ૨૩ મીટર, સ્ક્રીન અને સીલ્ટ ચેમ્બરના વ્યાસ ૧૧ મીટર, ડ્રાયસમ્પનું બોટમ આર. એલ. (–)૩.૫૦ મીટર, પ્લીન્થ લેવલ આર. એલ.ત્ર ૯.૩૫ મીટર, પંપીગની ઉંડાઈ ૧૨.૮૫ મીટર, પંપીગનો પ્રકાર સેમી સરકયુલર ડ્રાયપીટ પંપીગ સ્ટેશન, પંપની વિગત ૩૩૫ એલ. પી. એસ. ના ૦૨ (બે), ૧૭૦ એલ. પી. એસ. ના ૨ (બે). રાઈઝીંગ મેઈનનો વ્યાસ અને પ્રકાર ૧૪૦૦ પી. એસ. સી. પાઈપ (સોકેટ એન્ડ સ્પીગોટ રોલ એન્ડ જોઈન્ટ), રાઈઝીંગ મેઈનની લંબાઈ ૭૨૦૦ રનીંગ મીટર. ગ્રેવીટી લાઈનની લંબાઈ ૬૪,૫૦૦ રનીંગ મીટર.

સુરત મહાનગરપાલિકાના વેસુ ડ્રેનેજ સ્કીમ વેસુ ટર્મીનલ સુએઝ પંપીગ સ્ટેશનની ઝોન અંતર્ગત **૨૧ એમ. એલ.ડી. ક્ષમતાના સુએઝ પંપીગ સ્ટેશનની ઉદ્‌ઘાટનવિધિ** શ્રી પરસોત્તમભાઈ માંગુકીયા, મા. અધ્યક્ષશ્રી, ગટર સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. સને ૨૦૩૧ સુધીમાં અંદાજે ૧.૨૦ લાખની વસ્તીને ૧૯૭.૨૦ હેકટર જેટલા વિસ્તારને આવરી લેવામાં આવશે. અંદાજીત ખર્ચ **રૂા.૩૪૦ લાખ.** પંપીગ સ્ટેશનનો વ્યાસ ૧૩ મીટર, સ્ક્રીન અને સીલ્ટ ચેમ્બરનો વ્યાસ ૯ મીટર, ડ્રાયસમ્પનું બોટમ આર. એલ. (–)૩.૩૫ મીટર, પ્લીન્થ લેવલ આર. એલ. ત્ર ૮.૪૦ મીટર, પંપીગની ઉંડાઈ ૧૧.૭૫ મીટર, પંપીગનો પ્રકાર સેમી સરકયુલર ડ્રાયપીટ પંપીગ સ્ટેશન, પંપની વિગત ૭૦ એલ. પી. એસ. ના ૦૩ (ત્રણ), ૭૦૦ પી. એસ. સી. પાઈપ (સોકેટ એન્ડ સ્પીગોટ રોલ એન્ડ જોઈન્ટ), રાઈઝીંગ મેઈનની લંબાઈ ૬૦ રનીંગ મીટર. ગ્રેવીટી લાઈનની લંબાઈ ૧૧,૬૮૫ રનીંગ મીટર.

**Continue …**



ઉમરાગામ ખાતે **હેલ્થ સેન્ટરની ઉદ્‌ઘાટનવિધિ** શ્રીમતિ રંજનબેન સરતાનપરા, મા. અધ્યક્ષશ્રી, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. તથા વાંચનાલયની ઉદઘાટનવિધિ સમાજ–કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ શ્રીમતિ સ્વાતિબેન કિરીટભાઈ ભટ્ટના વરદહસ્તે સંપન્ન થઈ હતી.જેનો અંદાજીત ખર્ચ **રૂા.૩૬.૭૦ લાખ**, બાંધકામનું ક્ષેત્રફળ ૬૨૬.૦૦ ચો. મીટર, ગ્રાઉન્ડ ફલોર પર વાંચનાલય : એન્ટ્રી ફોયર ૧.૯૭ મીટર × ૨.૭ટ મીટર, ઓફિસ ૪.૨૪ મીટર × ૨.૭૭ મીટર, હોલ ૫.૭૭ મીટર × ૧૫.૫૦ મીટર, ટોયલેટ બ્લોક, નું આયોજન કરવામાં આવેલ છે. આરોગ્ય કેન્દ્ર : ભોંયતળીયે : એન્ટ્રી ફોયર ૫.૭૭ મીટર × ૩.૦૦ મીટર, કેસ રૂમ ૪.૨૭ મીટર × ૨.૭૭ મીટર, મેડીકલ ઓફિસર રૂમ ૩.૫૦ મીટર × ૨.૭૭ મીટર, મેડીકલ ઓફિસર રૂમ ૫.૧૮ મીટર × ૫.૭૭ મીટર, ઈન્જેકશન અને ડ્રેસીંગ રૂમ ૫.૧૮ મીટર × ૫.૭૭ મીટર, મેડીસીન રૂમ ૩.૯૫ મીટર × ૨.૭૭ મીટર, પ્રથમ માળે સ્ટોર રૂમ ૩.૫૦ મીટર × ૫.૭૭ મીટર, લેબોરેટરી ૫.૧૮ મીટર × ૫.૭૭ મીટર, ફેમીલી વેલફેર અને વેકસીનેશન રૂમ ૫.૧૮ મીટર × ૫.૭૭ મીટર, અંડર ગ્રાઉન્ટ પાણીની ટાંકી ૭૬૪૦ લીટર, ઓવર હેડ પાણીની ટાંકી ૫૦૦૦ લીટર.

ઉમરા પોલીસ સ્ટેશન પાસે **વોર્ડ ઓફિસની ઉદ્‌ઘાટનવિધિ** શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા, મા. અધ્યક્ષશ્રી, જાહેર બાંધકામ સમિતિના વરદ્‌હસ્તે સંપન્ન થઈ. જેનો અંદાજીત ખર્ચ **રૂા.૧૯.૨૦ લાખ**, બાંધકામનો કુલ બીલ્ટ અપ એરીયા : ૨૮૧.૩૫ ચો.મીટર એન્ટ્રી/ પેસેજ ૨.૫૦ મીટર × ૩.૨૩ મીટર, ૭.૦૮ મીટર × ૨.૧૮ મીટર, આરોગ્ય વિભાગ રૂમ નં. ૧: ૫.૭૯ મીટર × ૪.૫૦ મીટર, સ્ટોર રૂમ ૩.૦૦ મીટર × ૪.૫૦ મીટર, રૂમ નં. ૨: ૬.૦૦ મીટર × ૪.૫૦ મીટર, સ્ટોર રૂમ ૬.૦૦ મીટર × ૩.૦૦ મીટર, ઈજનેરી વિભાગ : રૂમ નં. ૧: ૫.૭૯ મીટર × ૪.૫૦ મીટર, સ્ટોર રૂમ ૩.૦૦ મીટર × ૪.૫૦ મીટર, ઈજનેરી રૂમ : ૭.૦૦ મીટર × ૪.૫૦ મીટર, રૂમ નં.૨ ૭.૦૦ મીટર × ૩.૦૦ મીટર, તેમજ જેન્ટસ અને ટોયલેટ બ્લોકનું આયોજન કરવામાં આવેલ.

અઠવા ઝોનમાં આજ રોજ કુલ ૫ પ્રકલ્પોની **રૂા. ૧૬ કરોડ ૩૭ લાખ ૨ હજારના ખર્ચે** ઉદ્‌ઘાટનવિધિ સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન શ્રી સી. આર. પાટીલ, મા. સાંસદશ્રી અને અતિથિવિશેષશ્રીઓ શ્રી કિશોરભાઈ એસ. કાનાણી (કુમાર) મા. ડે. મેયરશ્રી, શ્રી મુકેશભાઈ દલાલ,મા. અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિ,શ્રી ભીમજીભાઈ પટેલ, મા. નેતાશ્રી, શાસક પક્ષ તેમજ વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, સદસ્યશ્રીઓ, અધિકારી/કર્મચારીગણ તેમજ વિશાળ સંખ્યામાં જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

**TOP**